તંત્રએ બૂલડોઝર ફેરવ્યા બાદ ચ-૩ સર્કલ કંગાળ હાલતમાં

સર્કલ આસપાસના ઉબડ-ખાબડ વિસ્તારથી વાહનચાલકો ત્રસ્ત : પીક અવર્સમાં ચક્કાજામ

ગાંધીનગર, તા.૮

શહેરના સર્કલોની ખૂબસૂરતી સામે ખતરો મંડરાયો છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા હાથ ધરાયેલ પાઈપલાઈનની કામગીરી દરમિયાન પણ મુખ્યમાર્ગો પરના સર્કલો ખુંદાયા બાદ યોગ્ય દરકારના અભાવે માર્ગ વચ્ચાળે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના ચ-૩ સર્કલની બદતર હાલતના લીધે પીકઅવર્સ દરમિયાન ટ્રાફિકની દૃષ્ટિએ ભારોભાર અવ્યવસ્થા સર્જાય છે. છેલ્લા એક મહિનાથી ખોદાયેલા સર્કલના લીધે વરસાદી દિવસોમાં આ વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

શહેરમાં હાથ ધરાતા અનેકવિધ વિકાસના કામો દરમિયાન ખોદકામગીરીના લીધે માર્ગો અને સર્કલો ખુંદાતા આમ રાહદારીઓ માટે ઘણીવાર ભયજનક સ્થિતિનું નિર્માણ થાય છે. ક્યારેક માર્ગ આસપાસ ખોદાયેલા ખાડાઓમાં યોગ્ય રીતે માટી પુરાણ ન થતા માટીનું પોલાણ પણ અકસ્માતનું કારણ બને છે. થોડા સમય અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા તંત્ર દ્વારા પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઘ-૩ સર્કલ બાદ ચ-૩ સર્કલમાં પાઈપલાઈન સંદર્ભે ખોદકામ કરવામાં આવ્યું હતું. પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ પણ સુશોભિત સર્કલને ખૂંદીને યથાવત સ્થિતિમાં છોડી દેવાતા હાલ આ વિસ્તારમાં રોડ સેફટી જોખમાઈ છે. પીક અવર્સ દરમિયાન આ વિસ્તારમાં ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે. જ્યારે કર્મચારીઓની અવર જવર માટેના આ સર્કલ વિસ્તાર નજીક શાળા પણ સ્થિત હોવાથી ઉબડ-ખાબડ માર્ગ નાગરિકો માટે શિરદર્દ સમાન બન્યો છે. સર્કલમાં તંત્રનું ભૂલગ્રોઝર ફરી વળ્યા બાદ હજુ સુધી યોગ્ય સમારકામ પણ હાથ ધરાયું નથી. જ્યારે સતત વરસાદના લીધે ખદબદતા ગારા વચ્ચે ગંદકીનું જોર વધ્યું છે. અગાઉ ભારે વાહનો પલ્ટી મારવાના સિલસિલાબબ્ધ બનાવો બાદ ચ-૩ સર્કલનો વિસ્તાર અકસ્માતની દૃષ્ટિએ વધુ ભયજનક હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.



રસ્તાઓના સૌંદર્ય માટે નવી તૈયાર કરવામાં આવેલી ફૂટપાથની હાલત વરસાદે કફોડી કરી મૂકી છે. તૂટી-ફૂટી ગયેલી ઘ-૫ વિસ્તારની આ ફૂટપાથ ઉપર લીલું ઘાસ ઊગી નીકળ્યું છે. | જેના કારણે એક ખુલ્લી ગટર પણ સીધી નજરે ન ચડે એવી સ્થિતિમાં આવી ગઈ છે. દસ ફૂટ ઊંડી આ ગટર અકસ્માત સર્જે એ પહેલાં તે બંધ થાય એ જરૂરી છે. (તસવીર : દિપક જાની)

માર્ગોની નવી ઓળખ મુજબ બોર્ડ તૈયાર : ટૂંકમાં લગાવાશે

ઘ-૦ પાસે કેન્ટીલીયર લગાવાયા બાદ હવે મુખ્ય માર્ગો પર કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૮

શહેરના વિવિધ માર્ગોને નવી ઓળખ અપાયા બાદ નવાનામાભિધાન મુખ્ય બોર્ડ મુકવાનું કામ હજુ સુધી પૂર્ણ કરાયું નથી. માર્ગોના નવા નામ દર્શાવતા બોર્ડસ તૈયાર કરી દેવાયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ મહિનાના અંત સુધીમાં નગરના મુખ્ય માર્ગોપર બોર્ડ લગાવવાની કામગીરી પૂર્ણ કરી દેવાશે.

અત્યાર સુધી કક્કા-બારખડીના મૂળાક્ષરોથી ઓળખાતા નગરના માર્ગો અને સર્કલોને નવી ઓળખ અપાયા બાદ લાંબા સમયના અંતે પણ માર્ગોની નવી ઓળખ દર્શાવતા મુકાયા નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા લાખોના ખર્ચે આ બોર્ડ તૈયાર કરાવાયા છે. જ્યારે વિવિધ માર્ગ પર બોર્ડ મુકવાની કામગીરી ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નવા નામાભિધાન મુજબ નાના અને મોટા બોર્ડસ તૈયાર કરી દેવાયા છે. જ્યારે ઘ-૦ નજીક પ્રાથોગિક ધોરણે કેન્ટીલીયર લગાડી દેવાયું છે. જ્યારે શહેરના મુખ્યમાર્ગો પર બોર્ડ લગાવવાની કાર્યવાહી સંદર્ભે ટ્રાફિક પોલીસ કક્ષાએથી પણ જરૂરી મંજૂરી મેળવવા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટરને જાણ કરવામાં આવી છે. આગામી સપ્તાહમાં મુખ્ય ઘ અને ચ માર્ગ પર બોર્ડ લગાવવાનું કામ શરૂ કરી દેવાશે. જ્યારે મહિનાના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં દિવસ દરમિયાન હળવા-ભારે વરસાદી ઝાપટાં

વારંવાર ઘેરાઈ આવતાં વાદળો અવારનવાર વરસાદી ઝાપટું વરસાવી જાય છે : મોસમનો કુલ વરસાદ ૬૨૦.૫ મી.મી. સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૮

નૈઋત્ય ચોમાસુ છેક હવે સક્રિય થતાં ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદ પડી રહ્યો છે. આજે દિવસ દરમ્યાન ક્યારેક ક્યારેક તડકો નીકળ્યો હતો તે સાથે જ વરસાદ ચાલુ રહેતા આજે દિવસ દરમ્યાન ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગરમાં વરસાદી માહોલની જમાવટથી વાતાવરણ આહલાદક બનતું જાય છે. છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદ વરસી રહ્યો છે. આજે દિવસ દરમ્યાન ધૂપ-છાંવનો માહોલ રહ્યો હતો. ક્યારેક ક્યારેક આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવતા હતા અને વરસાદ વરસાવી જતા હતા. ઝાપટુ એટલુ જોરથી વરસતુ હતુ કે ઠેર ઠેર પાણી ભરાઈ જતા હતા. વાર્ષિક વરસાદ વરસતા આજે સવા ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. આ સાથે સીઝનનો કુલ વરસાદ ૬૨૦.૫ મી.મી. સુધી પહોંચ્યો છે.

૮૫ મલ્ટીપરપઝ હેલ્થવર્કર અને ૨૦ સહાયક પંચાયત મંત્રીના નિમણૂંક પત્રો એનાયત કરાયા

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી દ્વારા નિમણૂંક પત્રો અપાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૮૫ મલ્ટીપરપઝ હેલ્થ વર્કર અને ૨૦ સહાયક પંચાયત મંત્રીના નિમણૂંક પત્રો પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણના હસ્તે આપવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા તાજેતરમાં યોજાયેલ મલ્ટી પરપઝ હેલ્થવર્કરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ૮૫ ઉમેદવારોને તેમજ સહાયક પંચાયત મંત્રી માટે પસંદ થયેલા ઉમેદવારો માટેના વેઈટીંગ લીસ્ટમાંથી ફળવાયેલ ઉમેદવારો પૈકી આજે ૨૦ ઉમેદવારોને તેમના નિમણૂંક પત્રો અપાયા હતા.

આ નિમણૂંક પત્રો આપતા પહેલાં પંચાયત દ્વારા પસંદગી પામેલા ઉમેદવારોને સ્થળ પસંદગીની તક આપવામાં આવી હતી અને ત્યારબાદ નિમણૂંક પત્રો ત્યાં જ તૈયાર કરી આપવામાં આવ્યા હતા.

દહેગામ ખાતે ગરીબ કલ્યાણ મેળો પૂર્ણ કર્યા બાદ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જીસીઆરટી ભવન ખાતે યોજાયેલા એક સાદા સમારોહમાં આ નિમણૂંક પત્રો આપ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. એ. ગોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રભારી મંત્રીશ્રીએ નિમણૂંક પામેલા ઉમેદવારોને સેવામાં આવકારી જણાવ્યું હતું કે પારદર્શક વહીવટ દ્વારા આ નિમણૂંકો કરવામાં આવી છે અને એટલે જ સ્થળ પસંદગીની પણ તક આપવામાં આવી છે. અગાઉ કોઈ સરકારોએ આવી પારદર્શકતા દાખવી ન હતી. તેમણે સૌને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.વી. પટેલ, આંકડા અધિકારી શ્રી વેટી, ખેતીવાડી અધિકારી શ્રી કે.કે. પટેલ, આરોગ્ય અધિકારી શ્રી વૈદ્ય, આર.સી.એચ.ઓ. શ્રી પંડ્યા, ડી.એમ.ઓ. શ્રી મમતા દત્તાણી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

આજે ગાંધીનગર ભાજપ યુવા મિત્ર કાર્ડ વિતરણ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૮

ભારતીય જનતા યુવા મોરચા, ગુજરાત પ્રદેશ દ્વારા સમગ્ર ગુજરાતમાં વિજય વિશ્વાસ યુવા સંમેલનોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૩૬ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના વિજય વિશ્વાસ યુવા સંમેલન તથા ભાજપ યુવા મિત્ર કાર્ડ વિતરણ સમારંભનું આયોજન આજે તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ રવિવારના રોજ સાંજે ૪ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું છે. સમારંભના મુખ્ય મહેમાન તરીકે ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ તથા ગાંધીનગર જિલ્લા અને મહાનગરના પ્રભારી રમીલાબેન ભારા, પ્રદેશ પક્ષી પંચ મોરચાના અધ્યક્ષ એસ.ટી. બોર્ડના ડિરેક્ટર ભગવાનદાસ પંચાલ, કે.સી. પટેલ, શંભુજી ઠાકોર, વાડીભાઈ પટેલ, ઋચિરભાઈ ભટ્ટ અને શકુંતલાબેન પટેલ ઉપસ્થિત રહેશે.

ધો.૧૧-૧૨ ચોથા સેમેસ્ટરની પરીક્ષા હવે ૧૮ માર્ચે યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત શિક્ષણબોર્ડની તાજેતરમાં મળેલી બેઠકમાં ધો.૧૧ અને ૧૨ સાયન્સની સેમેસ્ટર પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બોર્ડદ્વારા વિજ્ઞાપ પ્રવાહના ચોથા સેમેસ્ટરની પરીક્ષા તા. ૮મી એપ્રિલના રોજ નક્કી કરવામાં આવી છે. પરંતુ વિદ્યાર્થીતમજ વાલીઓની રજૂઆતના પગલે એન્જિનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાનાર જીમેઈનની પરીક્ષા તા. ૭મી એપ્રિલના રોજ લેવાનાર હોવાથી ચોથા સેમેસ્ટરની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરી તતા. ૧૮મી માર્ચના રોજ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિ અને શિક્ષણ સમિતિની સંયુક્ત બેઠકમાં ધો.૧૧ અને ૧૨ સાયન્સની પરીક્ષા અને પ્રશ્નપત્રના પરિરૂપમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બોર્ડ અગાઉ નક્કી કર્યા મુજબ ધો.૧૧ અને ૧૨ સાયન્સના ચોથા સેમેસ્ટરની પરીક્ષા તા.૮મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ લેવાનાર હતી. પરંતુ તા.૭મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ઈંજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેની જીમેઈનની પરીક્ષા લેવાનાર હોવાથી વિદ્યાર્થી અને વાલીઓએ બોર્ડમાં સમક્ષ ચોથા સેમસ્ટરની તારીખમાં ફેરફાર કરવા રજૂઆત કરી હતી. જેના પગલે બોર્ડે ચોથા સેમેસ્ટરની તારીખ બદલી તા.૧૮મી માર્ચથી તા. ૨૩મી માર્ચ, ૨૦૧૩ દરમિયાન પરીક્ષા લેવાનું નક્કી કર્યું છે. જોકે આ ફેરફારથી વિદ્યાર્થીઓને જીમેઈનની પરીક્ષામાં વાંચવાનો સમય મળી જશે. બોર્ડ દ્વારા આ અંતર્ગત શાળાના આચાર્ય, વિદ્યાર્થીઓ અને વાલીઓના સૂચનો પણ મંગાવ્યા છે.

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૮૯૮ ૩૪૯૬૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૧૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com